**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૬૧ ટકા

# શહેરના ફટાકડા બજારમાં તેજી

## કોરોનાને કારણે ફટાકડાના ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો : ફટાકડામાં ખાસ બોમ્બ અને નાના બાળકો માટેના પોપપોપ ખાસ વેચાઈ રહ્યા છે

ગાંધીનગર, તા.૧૩

ધનતેરસથી જ દિવાળીના મુખ્ય તહેવારોની ઉજવણીની શરૂઆત થઈ ગઈ છે ત્યારે શહેરમાં ફટાકડા માર્કેટ એ જોર પકડયું છે અને શહેરીજનો ફટાકડા ખરીદવા માટે તત્પર બન્યા છે. શહેરના સે-૬, ૧૧ અને ૨૧ ખાતે ફટાકડા માર્કેટ ભરાઈ ગયા છે અને ફટાકડા માર્કેટની બહાર ફાયરબ્રિગેડની ગાડી બંદોબસ્તમાં મુકવામાં આવી છે. ફટાકડામાં ખાસ બોમ્બ અને નાના બાળકો માટેના પોપપોપ ખાસ વેચાઈ રહ્યા છે.

શહેરમાં દિવાળીની તૈયારી જોરશોરથી શરૂ થઈ ગઈ છે ત્યારે ઘર સજાવવાથી લઈ ઘરના નાસ્તા અને મીઠાઈ





તમામ ચીજવસ્તુઓની ખરીદી સાથે ફટાકડાની ખરીદી પણ શરૂ થઈ ગઈ છે. કોરોનાને કારણે સરકાર દ્વારા ફટાકડા ફોડવા માટેનો સમય નિશ્ચિત કરવામાં આવ્યો છે ત્યારે તે દરમિયાન પણ ફટાકડા ફોડવા માટે શહેરીજનો અને ખાસ બાળકો તત્પર છે.

ઘણા સમયથી કોરોનાને કારણે શહેરીજનો ઘરની બહાર નીકળ્યા નથી. છેલ્લા એકાદ મહિનાથી તહેવારની તૈયારીના ભાગરૂપે બહાર નીકળી શકયા છે ત્યારે હવે એ સમજાય છે કે ઘરમાં તો ઘરમાં તમામને દિવાળીના તહેવારની ઉજવણી ધામધૂમથી કરવી છે. તે માટેના દિવાળી વાઈબ્સ ક્રીએટ કરવા અર્થે હોમ ડેકોરેશન, દીવા અને લાઈટીંગ સાથે ફટાકડા ફોડી સર્વેને તહેવાર ઉજવ્યાનો સંતોષ પ્રાપ્ત થાય છે.

શહેરના ફટાકડા બજારોમાં તમામ પ્રકારના ફટાકડા ઉપલબ્ધ છે. જેમાં બાળકો માટેના પોપપોપમાં નવી વેરાયટી આવી છે. કેપ્સ્યૂલ વાળા પોપપોપ એ સિવાય માચીસ, લક્ષ્મી, સૂતળી, મીરચી, ચકલી, ૫૫૫, ૯૯૯ બોમ્બ, વિવિધ પ્રકારના તારામંડળ, નાની મોટી કોઠી, ચકકર સાથે અનેક પ્રકારના ફટાકડાનું વચાણ શહેરના બજારોમાં થઈ રહ્યું છે. કેપ્પ્સુલવાળા પોપપોપ ૩૫૦થી ૪૦૦ રૂપિયાનું બોકસ, તારામંડળ ૭૦ રૂપિયાથી ૨૦૦ રૂપિયા સુધી, વિવિધ બોમ્બ ૫૦ થી ૭૦ રૂપિયા બોકસ સુધી વેચાઈ રહ્યા છે. ફટાકડાના વેપારીઓને પૂછતા તેઓ જણાવે છે કે, ફટાકડાની ખરીદીમાં હાલ તેજી છે. તમામ શહેરીજનો ફટાકડા ખરીદવા માટે તત્પર બન્યા છે. કોરોના કાળ દરમિયાન બહાર ન નીકળ્યા અને હજી પણ જાહેરમાં વધુ ન જવાનું હોવાથી ફટાકડા ફોડીને તે આનંદ મેળવી શકાશે તેમ ફટાકડા ખરીદી કરતા પણ કહેતા હોય છે. સાથે આ વર્ષે કોરોનાને કારણે ફટાકડાનો ભાવ ૧૫ થી ૨૦ ટકા વધ્યો છે અને ખાસ ગ્રીન ફાયર વર્કર્સના ફટાકડા જે CSIR-NEERA-INDIA અપ્રુવર્ડ માર્કાવાળા ફટાકડા ખરીદવાની માંગ શહેરીજનોમાં વધુ છે.

---

**આજે કાળી ચૌદસ**

# મા મહાકાળીની ઉપાસના કરી સિધ્ધિ પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ દિવસ

ગાંધીનગર, તા.૧૩

કારતકમાસની કૃષ્ણપક્ષની ચૌદસે મહાકાળીનું પૂજન કરવાનું ખાસ મહત્વ છે. દશ મહાવિદ્યામાં પ્રથમ મહાકાલી છે. કાળીચૌદસને નરક ચર્તુદશી પણ કહેવાય છે. આ દિવસે માતા કાલિકાની પૂજા થાય છે. ભારતીય સંસ્કૃતિમાં કાળી ચૌદસના દિવસે ઘરમાંથી કકળાટ કાઢવા માટે સાંજે બહેનો વડા બનાવી ચાર રસ્તે કુંડાળામાં મુકી કકળાટ કાઢતી હોય છે અને આ પ્રથા વર્ષોથી ચાલતી આવે છે.

કાળી ચૌદસ માટે એક વાર્તા છે કે વર્ષો પહેલા પ્રાગ જયોતિષપુરનો રાજા નરકાસુર હતો. તે પોતાની શકિતથી શેતાન બની પ્રજાને હેરાન કરતો હતો. તે સૌંદર્યનો શિકારી હતો અને સ્ત્રીઓને પજવતો હતો. નરકાસુરે તેના ત્યાં ૧૬ હજાર કન્યાઓને કેદ કરી હતી. ભગવાન શ્રી કૃષ્ણએ તેનો નાશ કરવાનું વિચારી સ્ત્રીઓની મદદ અર્થે ચર્તુદશીને દિવસે નરકાસુરનો નાશ કરવા પહોંચ્યા. ત્રાસમાંથી મુકત થયેલ



તમામ સ્ત્રીઓ દ્વારા ઉત્સવ મનાવવામાં આવ્યો અને અમાસની અંધારી રાત્રે દીવાઓ પ્રગટાવી પ્રકાશનો ફેલાવો કર્યો જેથી આ દિવસને નાની દિવાળી પણ કહેવાય છે.

નરક ચતુર્થીને દિવસે યમરાજાના નામનો દિપક પ્રગટાવવાનો મહિમા છે. એક સમયે રાજા રતિદેવ ધર્માત્મા રાજા હતા. તે દાન કરતા હતા. સમય જતા રાજાને યમનું તેડું આવ્યું. રાજા વિચારમાં પડયા કે દેવદૂતની જગ્યાએ યમદુત કેમ આવ્યા. યમદુતે કહ્યું કે એક દિવસ તમારે ત્યાંથી એક બ્રાહ્મણ ભૂખ્યો ગયો હતો તેના પરીણામ સ્વરૂપે તમને યમલોક લઈ જવામાં આવશે. રાજાએ તેની પાસેથી એક વર્ષનું જીવન માંગ્યું. યમદૂતોએ તે આપ્યુ અને રાજાએ ઋષિમુનિઓ પાસે જઈને આ પાપનું નિવારણ પૂછયું ત્યારે ઋષિમુનિઓએ કાળીચૌદસ (નરક ચર્તુદશી) કરવી અને બ્રાહ્મણોને દાન આપવું તો યમપાશમાંથી છુટી વૈકુંઠલોકમાં જવાશે તેમ જણાવ્યું.

આ દિવસે મહાકાલીની પૂજાથી અનેક સિધ્ધીઓ મેળવી શકાય છે. અષ્ઠસિધ્ધિ પ્રાપ્ત કરી શકાય છે. મહાકાળીની વિધિવત યંત્ર-તંત્ર-મંત્ર દ્વારા પૂજા કરવાનું આ દિવસે મહાત્મ્ય છે. હનુમાનજીએ પણ આ ચાર સિધ્ધિ પ્રાપ્ત કરેલી છે તેવું કહેવાય છે.

---

# લાયન્સ ક્લબ ફેમીના દ્વારા દિવાળીના તહેવાર નિમિત્તે વંચિતોને નાસ્તા-મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યુ

## મધુર-ફેમીના આંતરાષ્ટ્રિય રંગોલી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું





ગાંધીનગર, તા.૧૩

કોરાનાએ ફેલાવેલી બેરોજગારી અને લાચારીના સમયમાં અભાવોની વચ્ચે જીવતા વંચિતોને વ્હારે અનેક સંસ્થાઓ અને સમૂહો આવી રહ્યા છે ત્યારે સેવાકીય કામો કરતું મહિલા સંગઠન લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના અને મધુર ડેરીના સહયોગથી પાંચસો જેટલા પરિવારોને દિવાળી નિમિત્તે નાસ્તા તથા મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું.

બોરીજ, આદિવાડા, મુક્તિધામ, સેકટર-૨૧ શાકમાર્કેટ, સેક્ટર-૭ શાકમાર્કેટ ખાતે આ વિતરણ કરવામાં આવ્યું. વિતરણના કાર્યક્રમ દરમ્યાન મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, લાયન્સ ડિસ્ટ્રી. ગર્વનર નરેન્દ્રભાઈ પટેલ, ડિ.સેક્રેટરી હરીશ ત્રિવેદી, કેબિનેટ ઓફિસર કે.પી.પ્રજાપતિ, કોર્પોરેટર હર્ષાબા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા. પ્રોજેક્ટ ચેરમેન વૈશાલી જોષી, સભ્યો ઈલાબેન જોષી, ચંદા યાદવ, ભૂમી જોગાણી, કાનન પટેલ, કિરણ પંચાલ, કુસુમ જોષી, દક્ષા જાદવ એ આ સેવાકીય પ્રવૃત્તિમાં હાજરી આપી હતી. પ્રમુખ મમતા રાવલે સમગ્ર પ્રોજેકટમાં સાંપડેલા મધુર ડેરીના સહયોગ માટે ખાસ આભાર માન્યો હતો. ખાસ જણાવવાનું કે મધુર-ફેમીના આંતરાષ્ટ્રિય રંગોલી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાંથી ૯૦ જેટલા સ્પર્ધકોએ સમગ્ર ભારત મહારાષ્ટ્ર, તામિલનાડુ, ઓડિસા, કર્ણાટક, ગુજરાત, ઉ.પ્રદેશ, કેનેડા, યુ.એસ.એ, શારજહાં, દુબઈ, ઓમાનથી ભાગ લીધેલ છે. સ્પર્ધાને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો એ ગાંધીનગર અને ફેમિના ક્લબ માટે ગોરવપ્રદ ઘટના છે.

---

# ગ-૩ પાસે ચોરીના બાઈક સાથે યુવકને એલસીબી પોલીસે ઝડપી પાડયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના ગ-૩ સર્કલ તરફથી વાવોલ તરફના માર્ગ પરથી એલસીબી પોલીસે ચોરીના બાઈક સાથે એક યુવકને પકડી પાડ્યો હતો. એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વાય.વાય.ચૌહાણ અને ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા દિગ્વિજયસિંહને બાતમી મળી હતી કે ગ-૩ થી વાવોલ તરફના માર્ગ પર સ્પ્લેન્ડર બાઈક નં.આર.જે.૧૨.એસ.ઈ.-૫૧૦૨ લઈને એક યુવક ઉભો છે. જેથી એલસીબી પોલીસે સ્થળ પર જઈને તાત્કાલીક ભાવેશ કિશનભાઈ કટારા (રહે. હાલ ઈન્દ્રોડા ગામ દરબારવાસ રાજારામ બાજપાઈના મકાનમાં તા.જી.ગાંધીનગર, મુળ રહે ઉંડવા ગામ તા.મેઘરજ જી.અરવલ્લી) સ્પ્લેન્ડર બાઈક સાથે પકડી પાડ્યો હતો. યુવક પાસે બાઈકના આધાર પુરાવા માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવી ગલ્લા-તલ્લા કરી સંતોષકારક જવાબ આપ્યો ન હતો.

પોલીસે ચેસીસ નંબર અને એન્જીન નંબરના આધારે એપ્લીકેશન દ્વારા તપાસ કરતા આ બાઈકનો નંબર જી.જે.૦૯.એ.એન.-૫૧૧૭ હોવાનુ જાણવા મળ્યું હતું. પોલીસે યુવકની પુછતાછ કરતા તેણે આ બાઈક તેના જીજાજી દિનેશ રણછોડ ડામોર (રહે. ઉંડવા ગામ તા.મેઘરજ) એ આપ્યું હતું અને તે પોતે બાઈક ફેરવતો હતો. પોલીસે બાઈક ચોરી કે છળકપટથી મેળવેલ હોવાથી કબ્જે કરી રૂ.૧૫ હજાર ગણી કબ્જે કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

---

# પંચદેવ મંદિર ખાતે મહાપાલિકા દ્વારા સ્વચ્છતા રંગોળી






ગાંધીનગર, તા.૧૩

નવા વર્ષની પૂર્વ સંધ્યાએ દિવાળીના તહેવાર દરમિયાન સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૧ અંતર્ગત મહાનગર પાલિકા દ્વારા સ્વચ્છતાનો સંદેશ આપવા માટે સેક્ટર-૨૨માં પંચદેવ મંદિર ખાતે વિશાળ રંગોળી દોરવામાં આવતા મેયરશ્રી રીટાબેન પટેલના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. મંદિરમાં આવતા દર્શનાર્થીઓ માટે રંગોળી આકર્ષણનું કેન્દ્ર બની હતી.

---

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. મણીબેન દુનાભાઈ પરમાર, ઉ.વ. ૯૫, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. રહેવર મહેનાબા પૃથ્વીસિંહ, ઉ.વ. ૭૦, નાંદોલ, તા. દહેગામ
- સ્વ. કરશનભાઈ મોહનભાઈ પરમાર, ઉ.વ. ૬૭, ઈન્દ્રોડા, તા. ગાંધીનગર
- સ્વ. ખુશાલભાઈ લાલુભાઈ બારોટ, ઉ.વ. ૭૦, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. ચાવડા વિજયસિંહ દોલતસિંહ, ઉ.વ. ૫૦, રંગપુર, તા. માણસા
- સ્વ. મકવાણા દિલીપસિંહ ભવાનજી, ઉ.વ. ૫૮, આદિવાડા, સે-૨૮, ગાંધીનગર
- સ્વ. સોની બળવંતભાઈ વિઠ્ઠલભાઈ, ઉ.વ. ૬૨, સેકટર-૧, ગાંધીનગર
- સ્વ. લીલાબેન નટવરલાલ પટેલ, ઉ.વ. ૫૯, સેકટર-૨૩, ગાંધીનગર
- સ્વ. મોચી ઈચ્છાબેન મફતલાલ, ઉ.વ. ૯૮, બાલવા, તા. માણસા
- સ્વ. વ્રજલાલ હરીભાઈ પરમાર, ઉ.વ. ૫૨, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. આશુ વિજય શર્મા, ઉ.વ. ૨૬, રતનપુર, સાંતેજ
- સ્વ. ઠાકોર કિરણકુમાર પશાજી, ઉ.વ. ૩૬, મહુન્દ્રા, તા. ગાંધીનગર
- સ્વ. કુડાસરન બુદ્દીન મુર્યું, ઉ.વ. ૩૧, પાલજ, તા. ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ અંબાલાલ કેશુભાઈ, ઉ.વ. ૭૫, આકરૂંદ, તા. ધનસુરા, અરવલ્લી
- સ્વ. સીતાબેન નવનીતલાલ ગુજ્જર, ઉ.વ. ૬૫, સેકટર-૪, ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. ભાનુબેન મોહનજી સોલંકી, ઉ.વ. ૬૪, સેકટર-૫, ગાંધીનગર
- સ્વ. મયુરી પરેશ વોરા, ઉ.વ. ૬૨, સેકટર-૭, ગાંધીનગર

---

# સેક્ટરોમાં સ્વચ્છતાના સંદેશ સાથે લક્ષ્મીજીના પગલા કરાવાયા

## સ્વચ્છતા ત્યાં પ્રભુતાના મહામંત્રને સાકાર કરવા મહાનગર પાલિકાનો અનોખો પ્રયોગ : રહેવાસીઓ દ્વારા લક્ષ્મીજીનું ઉમળકાભેર સ્વાગત કરાયું

ગાંધીનગર, તા.૧૩

તહેવારોના દિવસોમાં સ્વચ્છતા ત્યાં પ્રભુતાના મહામંત્રને સાકાર કરવા મહાનગર પાલિકા દ્વારા અનોખો પ્રયોગ કરવામાં આવ્યો હતો. સ્વચ્છતાની વાતે જાગૃત પસંદગીના સોસાયટી, રહેણાંક વિસ્તારોને બિરદાવવા માટે લક્ષ્મીજીના પગલા કરાવવામાં આવ્યા હતાં. વસાહતીઓ દ્વારા પણ લક્ષ્મીજીનું ઉમળકાભેર સ્વાગત કરાયુ હતું. દીપાવલિના પવિત્ર તહેવાર દરમિયાન સદીઓ જૂની પ્રથાના ભાગરૂપે લક્ષ્મી દેવીને આવકારવા માટે આપણા ઘરને સ્વચ્છ કરીને સજાવીએ અને શણગારીએ છીએ. પ્રાચીન લોકકથા પ્રમાણે લક્ષ્મી દેવી આપણા સ્વચ્છ ઘરમાં પ્રવેશે છે અને આપણા પર આશીર્વાદ અને





સમૃદ્ધિ વરસાવે છે.

જ્યાં સ્વચ્છતા રેન્કીંગના ભાગરૂપે સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો અને યોગ્ય વેસ્ટ મેનેજમેન્ટનું પાલન થાય છે. સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૧ હેઠળ તેને 'સ્વચ્છ ગાંધીનગર'ના વિચાર સાથે સાંકળવામાં આવ્યો છે.

૧૩ નવેમ્બર ૨૦૨૦ના રોજ સ્થાનિક સમુદાયને સામેલ કરીને સ્વચ્છતાના વિચારને આગળ વધારવામાં આવ્યો હતો. સમુદાયની નાની બાળકીઓ લક્ષ્મી દેવી તરીકે શણગાર સજીને ઢોલ નગારાના ધ્વનિ અને પુષ્પવર્ષા વચ્ચે પસંદગીની સોસાયટીઓમાં પ્રવેશ્યા હતા. આ કાર્યક્રમ સેક્ટર-૬ (ભુવનેશ્વર સોસાયટી), સેક્ટર-૨૦ (નંદનવન સોસાયટી), સેક્ટર -૨૩ (વિરાટ નગર સોસાયટી), સેક્ટર-૨૮ (કોલવાડા નગર સોસાયટી), સેક્ટર-૨૯ (જય શ્રી કૃષ્ણ પરિવાર સોસાયટી)માં યોજાયો હતો અને સોસાયટીના પ્રમુખને બિરદાવવા માટે પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

આવી પ્રવૃત્તિઓ દ્વારા ગાંધીનગર મ્યુ. કોર્પોરેશન એ સંદેશ આપવા માંગે છે કે સ્વચ્છતાના વિચારમાં આપણા ઘર બહારના વિસ્તારને પણ આવરી લેવા જોઈએ. આપણા આડોશપડોશના વિસ્તારની સ્વચ્છતા માટે નાગરિકોની સામૂહિક જવાબદારી છે તે વાત પર ભાર મૂકતા સ્વચ્છતા માત્ર ઘર અથવા ખાનગી જગ્યા પૂરતી મર્યાદિત હોવી ન જોઈએ. આ ઉપરાંત આખા વર્ષ દરમિયાન જાહેર સ્વચ્છતા અને આરોગ્યની જાળવણી એ મહત્ત્વની બાબત છે જેથી લક્ષ્મી દેવીના આશીર્વાદ માત્ર દિવાળીના દિવસોમાં જ નહીં પરંતુ આખા વર્ષ દરમિયાન વરસતા રહેશે.